# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-:અખબારી યાદી:-

# તા. ૧૮-૦૩-૨૦૨૦ ના રોજ શહેરના વિવિધ રાજમાર્ગો પર અનાધિકૃત દબાણો હટાવાયા: રૂ.૩૭,૩૦૦/- નો વહીવટી ચાર્જ વસુલ

**વોર્ડ ઓફિસર, પોલીસ અને દબાણ હટાવ શાખાની વોર્ડ વાઈઝ ટીમો દ્વારા ઝુંબેશના રૂપમાં કામગીરી**

તારીખ: ૧૯-૦૩-૨૦૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેર માર્ગો પરથી અનાધિકૃત દબાણો હટાવવા માટે રાજકોટ શહેર પોલીસ સાથે સંકલન કરી **વોર્ડ ઓફિસર, પોલીસ અને દબાણ હટાવ શાખાના સ્ટાફની બનેલી વોર્ડ વાઈઝ ટીમોની રચના કરવામાં આવેલી છે.** આ દબાણ હટાવ ટીમ દ્વારા થઇ રહેલી કામગીરીની વિગતો મુજબ **તારીખ: ૧૮-૦૩-૨૦૨૦ ના રોજ ઈસ્ટ ઝોનની ત્રણેય ટીમો દ્વારા ૧૫ નંગ પરચુરણ માલ-સામાન (મૂળાભાઈ, રમેશભાઈ, ઝાવિદભાઈ, અન્ય અનામી), અને કુલ ૦૨ બોર્ડ/બેનર જપ્ત કરેલ છે, તેમજ શાકભાજી/ફળ/ફુલ વગેરેનો કુલ ૪૫ કિ.ગ્રા જથ્થો જપ્ત કરેલ છે તેમજ રૂા.૧,૫૦૦/- વહિવટી ચાર્જ (કિશોરભાઈ, રાહુલભાઈ અને રમેશભાઈ) વસુલ કરેલ છે. સેન્ટ્રલ ઝોનની ત્રણેય ટીમો દ્વારા ૨૬ નંગ પરચુરણ માલ-સામાન (મહેશભાઈ, પરવેજભાઈ, ભાવેશભાઈ, સલીમભાઈ, અનિલભાઈ, મહેબૂબભાઈ, અન્ય અનામી) અને ૧૩૨ કિ.ગ્રા શાકભાજી/ફુલ/ફળ વગેરેનો જથ્થો જપ્ત કરેલ છે, તેમજ કુલ ૧૦૩ બોર્ડ/બેનર જપ્ત કરેલ છે, આ ઉપરાંત રૂા.૧૮,૮૦૦/- વહિવટી ચાર્જ (સલીમભાઈ, જીવણભાઈ, હરેશભાઈ, બચુભાઈ, વિનેહભાઈ, પ્રવિણભાઈ, વજુભાઈ, રાકેશભાઈ, વિપુલભાઈ, ધીરૂભાઈ વગેરેનો) વસુલ કરેલ છે. વેસ્ટ ઝોનની ત્રણેય ટીમો દ્વારા કુલ રેકડી/કેબીન ૦૨ અને વિવિધ પ્રકારના ૪૨ નંગ પરચુરણ માલ-સામાન (કાનાભાઈ, પૂનાભાઈ, સુમીતભાઈ, અન્ય અનામી) જપ્ત કરેલ છે, તેમજ કુલ ૧૨૪ બોર્ડ/બેનર જપ્ત કરેલ છે, આ ઉપરાંત રૂા.૨,૦૦૦/- મંડપ/છાજલી ચાર્જ અને રૂા.૧૫,૦૦૦/- વહિવટી ચાર્જ વસુલ કરેલ છે,** તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું છે.

**(જન સંપર્ક અધિકારી)**
**રાજકોટ મહાનગરપાલિકા**